Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૪/ ૯૩૫૭

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com

તા.૨૧/૦૨/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક શાળાઓ તમામ તરફ

આ સાથે સામેલ નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, કચેરી સુરતના પત્ર ક્રમાંકઃ અજાક/પ્રિ-મેટ્રિક/૨૦૨૩-૨૪/૫૩૯ થી ૫૪૨ તા.૨૦/૦૨/૨૦૨૪ અન્વયે જાણ તથા અમલ થવા સારું

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

**ખૂબ જ અગત્યનું/તાત્કાલિક**

# નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,


સી-૬, બહુમાળી બિલ્ડીંગ,નાનપુરા, સુરત

**Email ID:- swo-sur@gujarat.gov.in** **ફોન નં .૦૨૬૧ – ૨૪૬૪૪૩૦**


**નં.ના.નિ.અજાક/પ્રિ-મેટ્રિક/૨૦૨૩-૨૪/** ૫૩૯-૭૫૪૨ **તા:-20/02/2024**

પ્રતિ

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત.

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,સુરત

(૩) શાસનાધિકારીશ્રી, સુરત

વિષય :- વર્ષ ૨૦૨૩-૨૪ની અનુસૂચિત જાતિ(SC)ના ધો-૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રિક શિષ્યવૃતિ તથા સરસ્વતી સાધના યોજનાની બાકી કામગીરી પુર્ણ કરવા બાબત

સંદર્ભ:- 1) અત્રેની કચેરીના પત્ર નં.નં.ના.નિ.અજાક/પ્રિ.મેટ્રિક/૨૦૨૩-૨૪/૩૪૦૪ થી ૩૪૦૭ તા.૧૫/૧૨/૨૦૨૩

2) અત્રેની કચેરીના પત્ર નં.નં.ના.નિ.અજાક/પ્રિ.મેટ્રિક/૨૦૨૩-૨૪/૧૧૮ થી ૧૨૧ તા.૦૪/૦૧/૨૦૨૪

3) અત્રેની કચેરીના પત્ર નં.નં.ના.નિ.અજાક/પ્રિ.મેટ્રિક/૨૦૨૩-૨૪/૧૭૫ થી ૧૭૮ તા.૧૨/૦૧/૨૦૨૪

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, અનુસૂચિત જાતિના ધો-૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનો અમલ ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત ઓનલાઇન કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ: ૨૦૨૩-૨૪ અંતર્ગત શાળા કક્ષાએ પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ/સાયકલ સહાય યોજનાની ઘણી દરખાસ્તો સંદર્ભપત્ર (૨) થી જણાવેલ છતાં પડતર રહેલ છે તેવું જણાયેલ છે. ૨(બે) એક્ષેલ ફાઇલ પણ આ સાથે મેઇલમાં સામેલ રાખેલ છે. એક એક્ષેલ ફાઇલમાં એવી શાળાઓની યાદી છે જેઓએ ડિજીટલ ગુજરાત પોર્ટલ પર પ્રપોઝલ બનાવેલ છે. પરંતુ પ્રપોઝલ સેન્ડ કરેલ નથી અને બીજી એક્ષેલ ફાઇલમાં એવા વિદ્યાર્થીઓની યાદી છે જે વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ વેરીફાઇડ છે પરંતુ તેઓની પ્રપોઝલ બનાવવામાં નથી આવેલ.

આ અંગે શાળા લેવલ થી કરવાની થતી બાકી કાર્યવાહીની શાળાવાર યાદી વર્ષ ૨૦૨૩-૨૪ની આ સાથે સામેલ રાખેલ છે. જે નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર થી આપવામાં આવેલ છે અને બાકી રહેલ વર્ષ ૨૦૨૩-૨૪ની જરૂરી કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવા સંદર્ભ પત્ર (૩)થી દિન-૭ માં પુર્ણ કરવા જણાવવામાં આવેલ. પરંતુ હજુ જે બાબતે શાળા કક્ષાએ વર્ષ-૨૦૨૩-૨૪ની પ્રપોઝલ બનાવવાની બાકી હોય અને પ્રપોઝલ બનાવી હોય પરંતુ સેન્ડ કરવાની બાકી હોય **અને વર્ષ ૨૦૨૩-૨૪માં જે વિધ્યાર્થીઓની પ્રપોઝલ અત્રેની કચેરી દ્રારા પરત કરેલ છે તેવા વિધાર્થીઓને જે ક્વેરી આપેલ હોય તે આધાર પુરાવા અત્રેની કચેરીને રજુ કરવા અને ઉપર મુજબની તમામ કારગીરી પૂર્ણ કરી તે બાબતનું પ્રમાણપત્ર અત્રેની કચેરીને દિન-૭ માં મળી જાય તે રીતે કાર્યવાહી કરવા આપની કક્ષાએથી સૂચના આપવા વિનંતી છે.**

**વધુમાં જણાવવાનું કે વર્ષ ૨૦૨૩-૨૪માં હજુ ઘણી શાળાઓ દ્રારા ધોરણ ૦૯ની કન્યાઓની સાયકલની પ્રપોઝલ બનાવેલ નથી જેથી પ્રપોઝલ તાત્કાલિક બનાવી હાયર ઓથોરીટીને તાત્કાલિક દિન-૭માં સેન્ડ કરી આપવા આપની કક્ષાએથી જણાવવા વિનંતી છે.** જો કોઇ વિદ્યાર્થી શિષ્યવૃત્તિના લાભથી વંચિત રહી જશે તો તેની તમામ જવાબદારી જે-તે શાળાના આચાર્યશ્રીની રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.
આવક નંબર :- ૧૨૫૭
તારીખ :-
શાખા :-
સહી :-

બિડાણ - ૨(બે) એક્ષેલ ફાઇલ(ઇ-મેઇલ)

**નાયબ નિયામક**
**અનુસૂચિત જાતિ કલ્યાણ**
**સુરત**

**નકલ સવિનય રવાના:**

**મે.નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર ,તરફ જાણ સારૂ...**